# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૯ • ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ • પાનાં : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## ડિઝાસ્ટર તાલિમ કાર્યક્રમ



ભાવનગરની જાણીતી સામાજિક સંસ્થા શિશુવિહારના ઉપક્રમે શહેરની ભાવનગરની વિવિધ શાળાની વિદ્યાર્થીનીઓ માટે આપત્તિ નિવારણ, અને ફર્સ્ટ એડ તાલીમ યોજવામાં આવી હતી. **વાઘ બકરી ટી ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી** જુલાઈ માસમાં યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત ૨૮૦ વિદ્યાર્થીનીઓને શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી નકુલભાઈ પરાડકર , શ્રી પંકજભાઈ ચુડાસમા દ્વારા ઈમર્જન્સી મેથડ, સ્ટ્રેચર, પાટા, Firstaid, દોરડાની વિવિધ ગાંઠ પ્રકારે આપત્તિ નિવારણ સ્થિતિમાં પ્રાથમિક સારવારની સમજ પ્રત્યક્ષ નિદર્શન દ્વારા આપવામા આવેલ. આ પ્રસંગે તમામ વિદ્યાર્થિનીઓને શિશુવિહાર તરફથી ‘‘બાળ આરોગ્ય સૂત્ર’’ પુસ્તિકા તથા શાળા પુસ્તકાલય માટે ‘‘ડિઝાસ્ટરની પુસ્તક’’ ભેટ આપવામા આવેલ..

શાળાનાં આચાર્યશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમનું સંકલન શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યું હતુ.





તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736







| શિબિર ક્રમાંક | જુલાઈ તારીખ | શાળાનું નામ | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૦૧ | શ્રી વળાવડ કન્યા વિદ્યાલય | ૮૦ |
| ૨ | ૦૮ | શ્રી વળાવડ કન્યા વિદ્યાલય | ૧૪૦ |
| ૩ | ૧૪ | શ્રી સરદાર પટેલ શાળા | ૬૦ |
| | | કુલ | ૨૮૦ |

## આરોગ્ય તપાસ

વાઘ બકરી ટી ફાઉન્ડેશન (અમદાવાદ)ના સહયોગથી ભાવનગર દ્વારા શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં યોજાયેલ નવ શિબિરો દ્વારા ૧૦૮૦ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ થઈ હતી. આ કાર્યક્રમમાં ડૉ. શ્રી અરવિંદભાઈ ત્રિવેદી, ટેકનીશયન શ્રી કમલેશભાઈ વેગડ અને શ્રી રેખાબેન ભટ્ટે સેવા આપેલ. શાળાના આચાર્યશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમનું સંકલન રાજુભાઈ મકવાણાએ કર્યું હતું.

| શિબિર ક્રમાંક | જુલાઇ તારીખ | શાળા નંબર અને વિસ્તાર | આંખ તપાસ | હીમોગ્લોબીન તપાસ | સ્વાસ્થ્ય તપાસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૫ | ૧૮- દીપક ચોક | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨ | ૦૫ | ૧૯- દીપક ચોક | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩ | ૦૬ | ૧૫-આનંદનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૪ | ૦૭ | ૧૪-આનંદનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૫ | ૧૦ | ૧૦-પ્રભુદાસ તળાવ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૬ | ૧૧ | ૧૩-ખેડૂતવાસ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૭ | ૧૧ | ૮-પ્રભુદાસ તળાવ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૮ | ૧૨ | ૧૨-વાલ્કેટગેટ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૯ | ૧૮ | ૧૧-વાલ્કેટ ગેટ | ૪૦ | ૪૦ | ૪૦ |
| | | કુલ-૧૦૮૦ | ૩૬૦ | ૩૬૦ | ૩૬૦ |



## બાળ શિક્ષણ

## શ્રી મોંઘીબેન બધેકા બાલમંદિર

● જુલાઇ માસમાં બાલમંદિરમાં આવનાર બાળકોની સરેરાશ સંખ્યા ૮૦ રહી હતી. માસ દરમ્યાન નિયમિત તાલિમ ઉપરાંત ગુરૂપૂર્ણિમા ઉત્સવ બાળકોએ હર્ષભેર ઉજવ્યો હતો. રમતો સાથે ભૂલકાઓને સંસ્કારીત કરવાના ઉદ્દેશ સાથે માસ દરમ્યાન અક્ષર ઓળખ, લીંબુ ચમચી જેવી રમતોનો અભ્યાસ સાથે સંગીત સાથે વ્યાયામ કરાવવામાં આવેલ. સામુહિક શ્રમ પ્રવૃત્તિ માટે બાળકોએ મેદાનમાં એક નાના ભાગમાં બેસી ઘાસની સફાઇ કરી હતી.

● જુલાઇ માસમાં શ્રી મધુસૂદનભાઇ ભટ્ટ, સ્વ.અંજનભાઇ પંડ્યા, શ્રી સરૂપબેન ધ્રુવ, શ્રી મનોજભાઇ એચ.જોશી, શ્રી કમલેશભાઇ કે.મોદી, શ્રી પ્રફુલભાઇ એસ.શાહ, સ્વ.તારાબેન વડોદરીયા, શ્રી અશોકભાઇ વાસા, શ્રી પ્રવીણચંદ્ર આર.બૂચ તેમજ દીપાબેન અનીલભાઇ જોશી દ્વારા ભોજન તેમજ ૯ દાતાઓ તરફથી પોષક આહાર આપવામાં આવેલ. ૮૦મા અનુભવ તાલીમ વર્ગનો પ્રારંભ થતાં શ્રી સુજાનબેન પઢિયાર, જ્યોતિબેન ડાભી, હિરલબેન જોષી, રૂક્સાર કુરેશી વિદ્યાર્થી તરીકે તાલીમ લઇ રહ્યા છે. વરસાદ પછીના



લીલાછમ પહાડોના દર્શન માટે આગામી માસમાં બાળકોના પ્રવાસનું આયોજન થયું છે.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ

● શ્રી નવિનભાઇ નાવડીયાના સંકલનથી નવરંગ કલા ગ્રુપનો ૨૫મો કાર્યક્રમ તા.૨ જુલાઇએ સંસ્થાના રંગમંચ પર યોજાઇ ગયો. વરસાદી વાતાવરણમાં પણ જુનાં હિન્દી ફિલ્મી ગીતોને માણવા ૨૦૦થી વધુ શ્રોતાઓ હાજર રહ્યા હતા.



● ગુરૂપૂર્ણિમાના પાવન દિવસે શિશુવિહાર બુધસભાનાં હોલમાં પૂ.ચિદાનંદજી મહારાજની પાદુકાનું પૂજન શ્રી અખિલેશભાઇ પાઠકના સાનિધ્યમાં થયું. આ પર્વ નિમિત્તે ૪૦ થી વધુ સાધકો અને મંત્ર દીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. આનંદ પૂર્વક સહુએ પૂજા, કીર્તન, આરતી કરી દિવ્ય ઉર્જા મેળવી હતી.

● ગુરૂપૂર્ણિમાના શુભ અવસર પર કલાર્પણ ડાન્સ એકાદમી અને 'સેન્ટર ફોર



એક્સલેન્સ'ના સંયુક્ત ઉપક્રમે ગુરુવંદના કાર્યક્રમ યોજાયો. તા.૩એ ગુરૂશ્રી વિનિતાબેન ઝાલાનાં માર્ગદર્શન હેઠળ રજુ થયેલ આ કાર્યક્રમમાં ૯૫ કલાકાર બહેનોએ ભાગ લીધો હતો. શ્રી કૃષ્ણ, નટરાજ, મેઘરાજ વિષયે શાસ્ત્રીય તેમજ ઉપશાસ્ત્રીય કથક નૃત્યની રજુઆત થઇ. આ પ્રસંગે ભાવનગરનાં રાજકુમારી બ્રીજેશ્વરીદેવી, અમરજ્યોતિના આચાર્ય હર્ષાબેન, નિશીથભાઇ મહેતા

તેમજ ૪૦૦થી વધુ વાલીઓ તથા ગુણીજનોએ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

● ૧૦૭ વર્ષથી કાર્યરત વાસુદેવ વેદ શાળાના ઉપક્રમે યોજાયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે તથા મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. ગુરુપૂજન સમારોહ બાદ વૈદિક ધર્મની અનિવાર્યતા વિષયે અધ્યક્ષીય વિચારણાઓ થઈ જેનો લાભ ઉપસ્થિત ૩૨ યુવકોએ લીધો હતો. કાર્યક્રમનું સંકલન પ્રા.ડૉ.રોહિત દવેએ કર્યુ હતું.

● શ્રી કિર્તીભાઈ સોલંકીના સંચાલન તળે ‘‘વાસુકી કરાઓ કે ક્લબ પ્રસ્તુતિ’’ ૯ જુલાઈએ સંસ્થાના રંગમંચ પર થઈ જુના તથા નવા કારાઓકે ટ્રેક પરના ફિલ્મી ગીતોના કાર્યક્રમને માણવા ૧૫૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.



● સંસ્થાકીય વિકાસ માટે કાર્યકરોનો વિકાસ અને સમજણ વિક્સે એ મહત્વનું છે. આ દિશામાં શિશુવિહાર સંસ્થા દ્વારા એક તાલીમ કાર્યક્રમ, કાર્યશાળા અને અન્ય સંસ્થાઓની મુલાકાતનું આયોજન દર મહિને કરવામાં આવે છે, જે અનુસંધાને તારીખ ૧૩ જુલાઈના રોજ પાલિતાણા ખાતે આવેલ સ્વૈચ્છિક સંસ્થા ભગિની મિત્ર મંડળની મુલાકાત લેવામાં આવેલ, જેમાં સંસ્થાના મુખ્ય કાર્યકરો જોડાયેલ. સંસ્થા મુલાકાત ઉપરાંત તીર્થ સ્થાન હસ્તગિરિની મુલાકાત પણ લેવામાં આવેલ. કાર્યક્રમનું સંકલન ડો. નેહલ ત્રિવેદીએ કર્યુ હતું.

● શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત તા.૧૫ જુલાઈ શનિવારના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત આનંદ વિહાર શાળાનાં ૧૫૦ વિદ્યાર્થીઓને ડો.અરવિંદભાઈ ત્રિવેદી દ્વારા સ્વચ્છ આરોગ્ય, યોગાસન, ધ્યાન, પ્રાણાયામ તથા પોષક આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. શાળાના આચાર્ય અને શિક્ષક ગણ દ્વારા સ્વાગત તથા આભાર વ્યક્ત કરેલ.



● સૂર સંગમ સંસ્થાનો જુનાં હિંદી ફિલ્મી ગીતોનો ૭૨મો કાર્યક્રમ ‘સપ્ત સુરીસંધ્યા’ ૧૬ જુલાઈએ સંસ્થાના રંગમંચ પર પ્રસ્તુત થયો. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંકલન તળે યોજાયેલ સંગીત કાર્યક્રમને માણવા ૩૫૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા,

● સુમીટોમો કેમીકલ ઈ. લી.ના કર્મચારીઓના તેજસ્વી સંતાનોને પ્રોત્સાહિત કરવા એક સન્માન સમારોહ ૨૯ જુલાઈએ વનાણી ગૃહમાં મળ્યો હતો. કંપનીના વાઈસ પ્રેસીડેન્ટ શ્રી અમિતભાઈ મહેતા જી.એમ. એચ.આર. શ્રી સતિષભાઈ મહેતા તથા કંપનીના માર્ગદર્શકશ્રીઓની ઉપસ્થિતિમાં ૩૫૦ બાળકોને પરિવારજનોની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.



● શિશુવિહાર સંસ્થાના પ્રમુખશ્રી રાજુભાઈ દવેની પ્રેરક ઉપસ્થિતમાં શ્રી સુક્તમનું પઠન તથા શ્રી યંત્રની પૂજાનો કાર્યક્રમ રવિવાર તારીખ ૩૦ સવારે ૯:૦૦ થી ૧૨ યોજવામાં આવ્યો... સંસ્થાના કાર્યકરો તેમજ દિવ્ય જીવન માટેની લગન ધરાવતા ૩૦ ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. અને સમૂહ પ્રસાદનો આનંદ લીધો હતો.... આ પ્રસંગે શ્રી સૂક્તમના તજજ્ઞ શ્રી શૈલાબેન ભટ્ટ, કાશ્મીરાબેન ત્રિવેદી, પિન્કીબેન તથા ભરતભાઈ વ્યાસે ઉપસ્થિત જિજ્ઞાશુઓને માર્ગદર્શન આપ્યું હતું.



● હિંદી પાર્શ્વ જગતના સરતાજ જિજ્ઞાસુ ગાયક મહમદ રફી સાહેબની ૪૩મી પૂણ્ય સ્મૃતિમાં નરેશ શેઠ, અશોક ગોહિલ, સમીર ખોખર દ્વારા શ્રદ્ધાંજલિ ગીતો રજુ

થયા ૩૦ જુને સંસ્થા રંગમંચ ઉપર પ્રસ્તુત થયેલ યાદગાર કાર્યક્રમનું સંકલન શ્રી કાદરભાઈ શેખ દ્વારા થયું જેને માણવા માટે ૨૫૦ થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.

- શિશુવિહાર સંસ્થાના દ્વારા શાળા અને કોલેજના છાત્રોમાં સમાજસેવા અને સમાજ અંગે સંવેદનશીલતા વિકસે તે હેતુથી સમાજ સેવાના ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓને મુલાકાત દ્વારા માહિતગાર કરવા એ નોંધપાત્ર કામગીરી છે. આ દિશામાં શિશુ વિહાર સંસ્થા દ્વારા નિયમિત રીતે મુલાકાત માટે આવનારા છાત્રોને સંસ્થા દર્શન અને વાર્તાલાપના માધ્યમથી વિગતો પૂરી પાડવામાં આવે છે. આજરોજ તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૩ના દિવસે લોક-વિદ્યાલય, વાળુકડથી ધોરણ ૯ અને ધોરણ ૧૦ ની ૪૦ વિદ્યાર્થિની અને ચાર શિક્ષક ભાઈ-બહેનો દ્વારા મુલાકાત લેવામાં આવેલ. શિશુવિહારનાં શ્રી પરેશભાઈ પાઠકે સંસ્થા દર્શન કરાવેલ, ડૉ.નેહલ ત્રિવેદી દ્વારા વાર્તાલાપ કરવામાં આવેલ અને સમગ્ર મુલાકાતનું સંકલન શ્રી હીનાબેન ભટ્ટે કરેલ.

## આરોગ્ય

## ૪૬૬ તથા ૪૬૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ












શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૭૬ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર મળી.



સ્વ શ્રી સુધાબહેન કનુભાઈ શાહનાં સૌજન્યથી ૪૬૬મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શિશુવિહાર સંસ્થામાં યોજાય ગયો. તેમજ સ્વ શ્રી નંદલાલ મણિશંકર પંડ્યા ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી ૪૬૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ. ૨૮ જુલાઈ નાં રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૭૬ દર્દીઓની આંખ તપાસ ડૉ. શ્રી હિરવાબહેન પટેલની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામ ને શિશુવિહાર પરિસરમાં ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાત મંદ ૨૪ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે તેમજ દર્દીઓના ૧૫ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા. 'દર્દી દેવો ભવ'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

પરીખ ફાઉન્ડેશન તરફથી શિશુવિહાર સંસ્થાને મળેલ એસી બસમાં વિરનગર (રાજકોટ)થી આઈ સર્જરી પેશન્ટને ભાવનગર પરત લાવવામાં આવ્યા હતા.

**- સંકલન : રાજુભાઇ મકવાણા**

## કાંઠા વિસ્તારનાં ગામડાઓ માટે આરોગ્ય શિબિર




શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃતિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી તા.૧૭ જુલાઈ ૨૦૨૩નાં રોજ ભાલ વિસ્તારનાં ભડભીડ ગામ




ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ. જેમાં ૧૯૪ ગ્રામજનોની આરોગ્ય તપાસ, ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે વાઘ બકરી ટી પ્રોસેસિંગ યુનિટ દ્વારા મળેલ મેડીકલ વેનના વિશેષ ઉપયોગથી બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીનારાયણોને દવા તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને ૧૦૦ બાળ પુસ્તકાલય તથા બાલ આરોગ્ય સૂત્ર ભેટ સ્વરૂપે આપવામા આવેલ. આ કાર્યક્રમમાં શિશુવિહારની આરોગ્ય ટીમનાં ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી , શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી કમલેશભાઈ વેગડ,શ્રી યોગેશભાઈ શાહ તથા નિરમા લિમિટેડ એચ.આર ડિપાર્ટમેન્ટના શ્રી જગદીશભાઈ મહેતા તથા ગામનાં સરપંચ શ્રી જડીબેન શિયાળીયા તથા આચાર્ય શ્રી દિનેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ.

આ કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંકલન શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યું હતું.

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

જુલાઈ માસમાં સાંજના ૫-૩૦ થી ૭-૩૦ દરમિયાન ક્રિડાંગણમાં નિયમિત રીતે આવાત તાલિમાર્થીઓની સંખ્યા ૫૦ રહી હતી. જેઓને આયોજન અનુસાર સમુહ રમત, સંમીટ, ચોરસ લંગડી તેમજ નંબરવાઈસ પ્રકારે સામુહિક રમતો રમાડવામાં આવી. તાલીમાર્થીઓએ સમૂહમાં રહી



પ્રાર્થના, ધૂન, ગીતો ગાયા આ સમયે સ્કાઉટ તાલીમાર્થી પુરવભાઈ, કિશોરભાઈનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો.

સ્વ.શ્રી જ્યોતિન્દ્રભાઈ ઓઝાના સ્મરણાર્થે તેમજ શ્રી પિનલભાઈના જન્મ દિવસ નિમિત્તે બાળકોને શ્રી હિનાબહેન ભટ્ટ દ્વારા પોષક આપવામાં આવેલ. ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ તરફથી વર્ષ-૨૦૨૩-૨૪માં રાજ્ય પુરસ્કારની તૈયારીમાં શિશુવિહાર સ્કાઉટ ગ્રુપના ૭ બાળકો હાલ તૈયારી કરી રહ્યા છે. સ્કાઉટ વિદ્યાર્થીઓ પ્રાયોગિક કાર્ય, પ્રાવિણ્ય ચંદ્રકો તેમજ અભ્યાસક્રમલક્ષી તાલીમ લઈ રહ્યા છે.

ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય અંતર્ગત સ્કાઉટ વિદ્યાર્થી માટે વાર્તા કથન કાર્યક્રમ યોજાયો. જેમાં ૧૫ વિદ્યાર્થીઓએ પોતાની મનપસંદ વાર્તા રજુ કરી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેગ્યુલર કોમ્પ્યુટર વિભાગમાં એપ્રિલથી ૩ માસ માટે સાંજના ૫ થી ૬ દરમ્યાન સંસ્થામાં ચાલતા સરકાર માન્ય **CCC** કોર્સમાં ૧૫ વિદ્યાર્થીઓ જેઓ જોડાયેલ. સર્ટિફીકેટ કોર્સમાં ઉત્તિર્ણ થયા છે. શ્રી હેમેન્દ્રભાઈ વળીયાના સૌજન્યથી ચાલતા કમ્પ્યુટર તાલિમ વર્ગમાં અનુભવ તાલિમ વર્ગની ૪ બહેનો પણ પ્રશિક્ષિત બની રહી છે.

- કમલેશ વેગડ

### વયસ્કો માટે ૩૪૦ મી દષ્ટિચકાસણી શિબિર:

શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી જુલાઈ માસમાં ૩ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી કમલેશભાઈ વેગડે **Refractometer** દ્વારા ૬૪ વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું. - સંચાલકઃ શ્રી દીપાબહેન જોશી

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

જુલાઈ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન એલોપેથીની સારવારનો લાભ ૫૭૮ દદીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાંત ડોકટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવેલ. - સંચાલકઃ ડો. અરવિંદભાઇ ત્રિવેદી

## ફિઝિયોથેરાપી તથા ફિટનેસ સેન્ટર :



શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯-૦૦ થી ૧-૦૦ તથા સાંજના ૪-૦૦ થી ૬ દરમિયાન શરીરનાં વિવિધ દુઃખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ. ભાવિકાબેન હરિયાણીના કન્સ્લ્ટેશન હેઠળ જુલાઈ માસમાં ૨૬૦ દદીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૧૨ ભાઈઓ આવ્યા હતા. ભાવનગર શહેરની સહજાનંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફીઝીયોથેરાપી તથા શિશુવિહાર સંસ્થાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨ જુલાઈના રોજ હાડકા અને મસલ્સના દુઃખાવો ધરાવતા પેશન્ટ માટેનો કેમ્પ સંસ્થાના પ્રાંગણમાં યોજાઈ ગયો. શેઠ પરિવારના સહકારથી વર્ષ-૨૦૧૮થી ચાલતા અને પ્રતિવર્ષ ૫૪૦૦ દર્દીઓની સેવા અપાતા ફીઝોયોથેરાપી અને ફીટનેસ સેન્ટરના ઉપક્રમે યોજાયેલ કેમ્પમાં ૪૭ દર્દીઓએ લાભ લીધો હતો.સહજાનંદ કોલેજના નિષ્ણાંત ડોકટર ભાવિકાબેન હરિયાણીની નિગરાની હેઠળ દર્દીઓને સારવાર તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. **- સંચાલકઃ નિશાબેન બારૈયા**

## આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવધક ઔષધિ પરબમાં સાંજનાં ૫-૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૬૦૦ નાગરિકોએ લીધેલો. **- સંચાલકઃ શ્રી નરસિંહભાઇ મકવાણા**



## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા

બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬-૩૦ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ આપવામાં આવે છે. જુલાઈ માસમાં ક્રમાંક ૧૭૫-૧૭૬ અંતર્ગત વિદ્યાર્થીઓને હેર બ્રોચ, કલર પેપર તૈયાર કરતા શીખવવામાં આવ્યું હતું. જેમાં ૯૫ સ્કાઉટે ભાગ લીધો હતો. **- સંચાલકઃ શ્રી પ્રિતીબેન ભટ્ટ**

# સંસ્કાર, સાહિત્ય પ્રકાશન

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય શિશુવિહાર

જુલાઈ માસમાં ૫૦ વાચક સભ્યોએ ૧૨૦ પુસ્તકો વાચ્યાં હતાં. સંસ્થામાં પુસ્તકાલયમાં ૩૦૦ પુસ્તકો ભેટ સ્વરૂપે મળેલ છે જેનો સાભાર સ્વીકાર છે.

**- સંચાલકઃ શ્રી મંગળસિંહ પરમાર**

## બાલદેવ વન :

ભાવનગર શહેરની ઘટક-૧ અને ૨ની આંગણવાડીના ૬૪૦ બાળકો ઉપરાંત આસપાસના ૨૦૦૦ રહિશો મળીને કુલ ૨૬૪૦ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતા તમામ બાળકોને સંસ્થા તરફથી 'બાળ આરોગ્ય સુત્ર પુસ્તિક ભેટ આપવામાં આવેલ. **- સંચાલકઃ શ્રી હિનાબેન ભટ્ટ**

## જ્યોતિ મહિલા સિવણ તાલીમ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

જુલાઈ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૩૦ રહી હતી. આ માસમાં બહેનોને યુટ્યુબ પર બેબી ફ્રોક, પેમ્પલમ બ્લાઉઝ, ટીચીંગ કટીંગ વગેરેના વિડીયો બતાવવામાં આવ્યા હતા.



**- સંચાલકઃ શ્રી ગુલાબબા ગોહિલ**

## તાલીમ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ જુલાઈ યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યાનું મૂલ્યાંકન તથા સંસ્થાગત કાર્યો અંગે કાયકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી. **- સંચાલકઃ પરેશભાઇ પાઠક**

## માદગી સાધનસહાય :

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૯ દિવસ માટે નિયત ડિપોઝિટથી આપવામાં આવે છે. જુલાઈ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૬ દર્દીઓએ લાભ લીધો હતો. **- સંચાલકઃ અનિલભાઇ જોશી**

## કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતગત કમ્પ્યૂટર બેઝિક તેમજ સી.સી.સી કોર્સમાં ૧૫ તાલીમાથી શિક્ષણ મેળવી રહ્યાં છે.**- સંચાલકઃ શ્રી હેતલબહેન ઓઝા**

## સંગીત વર્ગ :

જુલાઈ માસ દરમિયાન સંસ્થાના સંગીત વગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.**- સંચાલકઃ શ્રી દેવુભાઇ મહેતા**

## દિવ્ય જીવન :

શિશુવિહાર દિવ્ય જીવનની પ્રાર્થના સભાના પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. જુલાઈ માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

**- સંચાલકઃ શ્રી ઇન્દાબહેન ભટ્ટ**



## સ્વરોજગાર :

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતગત ૫ શ્રમિક બહેનો દ્વારા જુલાઈ માસમાં કાપડની ૧૩૮૭ થેલી તૈયાર થતાં રૂ.૫૫૨૯ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં ૮૮,૮૭૫ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાંઆવી છે. **- સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ**



**● પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત જુન-જુલાઇ માસમાં ૪૯આંગવાડીના ૭૮૭ બાળકોએ શિશુવિહાર કેન્દ્રમાં આવી જીવન શિક્ષણ તાલિમ મેળવેલ. બાળકોની સંકલિત વિગત**

● જુન માસમાં તાલીમ ક્રમ ૧૮ થી ૨૭ અંતર્ગત શહેર ઘટક-૧ના આંગણવાડી તાલિમની સંકલિત વિગત

| વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ભીલવાડા | ૨૫, ૨૬ | ૩૪ |
| કરચલીયાપરા | ૬, ૧૨ | ૨૧ |
| વડવા | ૪૩, ૪૪ | ૨૧ |
| ભીલવાડા | ૬૭, ૭૨ | ૩૫ |
| ભીલવાડા | ૨૭, ૨૮ | ૨૯ |
| ભીલવાડા | ૬૪, ૭૬ | ૨૮ |
| ભીલવાડા | ૬૬, ૬૯ | ૪૦ |
| ભીલવાડા, કરચલીયાપરા | ૧ ૨ | ૩૬ |
| ભીલવાડા | ૬૫, ૭૧ | ૨૪ |
| ભીલવાડા આનંદનગર | ૧૦૩, ૧૦૭ | ૨૮ |

● જુલાઈ માસમાં તાલીમ ક્રમ ૨૮ થી ૪૧ અંતર્ગત શહેર ઘટક-૧, ૨ના આંગણવાડી તાલિમની સંકલિત વિગત

| વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ભીલવાડા | ૩૦, ૩૧ | ૩૦ |
| ભીલવાડા- આનંદનગર | ૬૧ ૭૦ | ૨૮ |
| આનંદનગર | ૭૫, ૭૭ | ૩૬ |
| આનંદનગર ભીલવાડા | ૬૮ ૭૪ | ૩૧ |
| આનંદનગર કરચલીયાપરા | ૫૦ ૫૫ | ૪૦ |
| આનંદનગર | ૩૬, ૧૭૦ | ૩૪ |
| આનંદનગર સુભાષનગર | ૧૦૬ ૧૧૦ | ૩૪ |
| આનંદનગર | ૧૫૫, ૧૫૭ | ૩૦ |
| આખલોલ જકાતનાકા | ૧૨ ૧૩, ૧૪ | ૪૦ |
| આખલોલ જકાતનાકા | ૧૫ ૧૬ | ૪૦ |
| સુભાષનગર | ૧૦૯, ૧૧૩ | ૩૮ |
| સુભાષનગર | ૧૧૨, ૧૧૪ | ૩૬ |
| સુભાષનગર | ૭૮, ૮૭ | ૩૯ |
| સુભાષનગર | ૯૨, ૯૩ | ૩૫ |

**વિશેષ ઉપસ્થિતિ :**

**શ્રી હરપ્રીત કૌર, શ્રી અમીતાબહેન વડોદરીયા, શ્રી દિપ્તીબેન વાગોણા, શ્રી માનસીબહેન વાસાણી, શ્રી જાગૃતિબેન રાઠોડ, શ્રી પૂજાબહેન ચૌહાણ, શ્રી સુનીતાબેન ગોહેલ**

**એપ્રિલ-૨૦૨૩થી શરૂ થયેલ તાલિમમાં શહેરની ૮૪ આંગણવાડીના ૧૩૯૪ બાળકોએ જીવન શિક્ષણ તાલીમ લીધી છે. જે નોંધનીય બને છે.**

## બુધસભા



૧૯૮૦થી અવિરતપણે ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૨૪૨મી બેઠક તારીખ. ૫ જુલાઇ ડૉ. માનસીબેન ત્રિવેદીના સંચાલન હેઠળ યોજાયી.જેમાં કવયિત્રી શ્રી નેહાબેન પુરોહિત દ્વારા શ્રી રક્ષાબેન શુક્લનાં ગીતનો આસ્વાદ કરાવવામાં આવ્યો. ૩૫ જેટલાં કવિ કવયિત્રીઓએ ઉપસ્થિત રહી, બુધસભાની શોભામાં અભિવૃદ્ધિ કરી. માસની બીજી બેઠકમાં કવયિત્રી શ્રી જયશ્રીબા ગોહીલનાં ભક્તિગીતોના સંગ્રહ "ગોમતીના ઘાટે" પુસ્તક વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતું.અધ્યક્ષ શ્રી તૃપ્તિબા રાઓલ સાહિત્યકાર શ્રી નટવર આહલપરા તથા ૧૭૦થી વધુ મહાનુભાવો અને સાહિત્ય રસિકોની હાજરીમાં ડૉ. માનસીબેન ત્રિવેદીના સંચાલનમાં કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે સાહિત્યરસીકો ગુજરાતની વિવિધ સંસ્થાના હોદ્દેદારોની હાજરી નોંધનીય રહી હતી. આ પ્રસંગે બુધસભાના સર્વે સભ્યોએ જયશ્રીબાને સન્માનિત કર્યા હતા, અને તેમને શુભકામના પાઠવી હતી. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં કલા રસિકોએ હાજરી આપી હતી. માસની ત્રીજી બેઠક શ્રી જિજ્ઞાબેન ત્રિવેદીનાં સંચાલનમાં મળી હતી, જેમાં કવિઓના કાવ્ય પાઠ ઉપરાંત સર્જનની પૂર્વ ક્ષણોમાં : કવિ વિશેષ વક્તવ્ય અંતર્ગત ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ શ્રી ડૉ. પથિકભાઈ પરમારે અનેક દૃષ્ટાંતો તેમજ સ્વાનુભવ દ્વારા કાવ્યની સ્ફુરણા અને તે દ્વારા થતાં સર્જન વિશે, સર્જન પ્રક્રિયા વિશે રસપ્રદ વાતો કરી હતી. બુધસભાની ૨૨૪૫મી બેઠક શ્રી લાલજીભાઈ બાંભણિયાના સંચાલન હેઠળ મળી. સભામાં ઉપસ્થિત ૨૭ જેટલા કવિ. કવયિત્રીઓએ સ્વરચિત રચનાઓનું પઠન કર્યું. કવિ વિશેષ ઉપક્રમ શ્રી પ્રવીણભાઈ સરવૈયાએ કવિ શ્રી સંજુ વાળા વિશે રસાળ શૈલીમાં રજૂઆત કરી, જે રસપ્રદ અને યાદગાર બની રહી. આમ, જુલાઈ માસની ૪ બુધસભા બેઠકમાં ૨૬૨ સાહિત્ય રસિકો જોડાયાં હતાં.

**- સંચાલક : શ્રી દિપાબહેન જોષી**

### • સદભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાદિક આભાર માને છે**

**• સદભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •**

| | | |
|---|---|---|
| ૨૫, ૦૦૦/- | શ્રી રૂચિતાબેન જસવંતરાય શાહ | સ્ત્રી સશક્તિકરણ સહાય |
| ૨૦,૦૦૦/- | શ્રી હર્ષાબેન ભાવેશભાઈ ભટ્ટ | કન્યા કેળવણી સહાય |
| ૧૦, ૦૦૦/- | શ્રી તરૂણભાઈ રસિકલાલ શાહ | શૈક્ષણિક સહાય |
| ૧૦,૦૦૦/- | શ્રી કમલેશભાઈ કરશનદાસ મોદી | પોષક આહાર સહાય |
| ૫, ૦૦૦/- | શ્રી સુધાબેન કનુભાઈ શાહ ટ્રસ્ટ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| ૫,૦૦૦/- | શ્રી વિનોદભાઈ અમૃતલાલ શાહ | શૈક્ષણિક સહાય |
| ૫,૦૦૦/- | શ્રી સજ્જનદેવી એન.મહેતા ટ્રસ્ટ | શૈક્ષણિક સહાય |
| ૫,૦૦૦/- | શ્રી નટવરલાલ રમણીકલાલ ચાંચડ | શૈક્ષણિક સહાય |
| ૩,૦૦૦/- | શ્રી નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |

### પ્રચાર પ્રસાર



**જુલાઇ માસમાં પંચવર્ષીય લવાજમ રૂા.૨૫૦/- ભરી સભ્ય થનાર મિત્ર**

શ્રી અખિલેશભાઈ પાઠક – અમદાવાદ, આચાર્યશ્રી લોક વિદ્યા મંદિર - થોરડી

**અખબાર તથા ટેલિવિઝનમાં શિશુવિહાર**

રાજ્યના વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની જુલાઈ માસમાં ૧૭૦ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૭ ઈલેક્ટ્રોનિક મિડીયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

મે માસમાં સંસ્થાના ફેસબુકના followers ની ૪.૯ K સંખ્યા અને followers ઈન્સ્ટાગ્રામના ૫૬૪ રહી હતી. **- સંચાલક : અનિલભાઇ બોરીચા**

**સાભાર સ્વિકાર**

શ્રી કિશોરભાઈ જોધવાણી - ભાવનગરના તરફથી પ્લાસ્ટિકના બદલે કાપડની થેલી વાપરવાના અભિયાન અંતર્ગત કાપડની થેલી તૈયાર કરવા માટે ૭ પોટલા કાપડ આપવામાં આવેલ છે.

## શુભેચ્છકો લખે છે

● **શ્રી રણછોડભાઇ શાહ (અધ્યક્ષ એમિટી સ્કૂલ, ભરૂચ)**

શિશુવિહારનો સળંગ અંકઃ ૯૩૮ મળ્યો. ખૂબ ખૂબ આભાર આપ નિયમિત રીતે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ આપતું **શિશુવિહાર, મારી મારફત એમેટી સ્કૂલ,** ભરૂચના પુસ્તકાલયને મોકલો છો. પ્રવૃત્તિઓનું વૈવિધ્ય ધ્યાનાકર્ષક અને તમામ પ્રવૃત્તિઓ સીધી રીતે સામાજિક નિસ્બત ધરાવતી હોય છે. અગાઉની પેઢીનો વારસો જાળવવામાં અને આગળ વધારવામાં પાછુ વળીને જોતા નથી તે બદલ હાર્દિક અભિનંદન પાઠવતા અત્યંત હર્ષની લાગણી અનુભવું છું.

● **શ્રી દર્શનાબેન રાઠોડ (આંગણવાડી કાર્યકર ઘટક-૧)**

મારી આંગણવાડીનાં બાળકો જે અતિ ઓછા વનજવાળા હતા તે શિશુવિહાર સંસ્થા તરફથી આપવામાં આવતી સુખડી ખાતાં હતાં. આ સુખડી ખુબ જ સરસ શીંગના ભુકાવાળી અને સ્વાદિષ્ટ હતી તે બાળકોને ખુબ જ ભાવતી અને તે ખાઈને બાળકોનું વજન પણ વધી રહ્યું છે. દર્શનનું વજન જન્મથી ઓછુ હતું. તે આ સુખડી ખાઈને ૩,૩૦૦ ગ્રામ વજન વધ્યુ, અને વૈભવીનું વજન પણ વધતુ ન હતું તેનું શિશુવિહાર સંસ્થા તરફથી મળતી સુખડી ખાઈને ૨.૭૦૦ ગ્રામ વજન વધ્યુ છે. તેઓના વાલીઓ પણ ખુશ છે. આપનો સ્વૈચ્છિક સંસ્થા તરીકે પ્રયત્ન સરાહનીય છે.

● **શ્રી પૂર્વિબેન અક્ષયભાઇ અજવાળીયા (આંગણવાડી કાર્યકર - ઘટક-૨)**

શિશુવિહાર સંસ્થા સંચાલિત પૂર્વ પ્રાથમિક શિક્ષણ તાલીમ અંતર્ગત જે આંગણવાડી કાર્યકર બહેનો અને બાળકોએ ભાગ લીધો, તેમને તાલીમ દ્વારા બાળ શિક્ષણ અંગેના ખ્યાલોને વ્યવસ્થિત રીતે વ્યક્ત કરવાનું માર્ગદર્શન મળ્યુ છે. સાથો-સાથે બાળકોએ પણ ઉત્સાહપૂર્વક તાલીમ સાથે સંકળાયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. વાહન દ્વારા વિવિધ આંગણવાડીમાંથી શિશુવિહાર સંસ્થામાં આવવુ અને વિવિધ પ્રવૃત્તિ કરવી તે પણ બાળકો માટે ઉત્સાહપ્રેરક બની રહ્યું છે.

તાલીમથી કાર્યકર બહેનોને તેઓની બાળ શિક્ષણ તાલીમમાં વિવિધતા લાવી, કઇ રીતે બાળકોનો જીવનલક્ષી વિકાસ કરી શકાય તેનું પણ સુયોજીત માર્ગદર્શન મળ્યું છે.તાલીમ અંતર્ગત પ્રાર્થના, પોષક આહાર, જોડકણાં, અભિનય ગીત, સર્જનાત્મક શક્તિ, જીવન ઉપયોગી તાલીમ, રમત-ગમત દ્વારા બાળકોમાં રહેલી વિવિધ પ્રતિભાઓને બહાર લાવવાનો પૂર્ણ પ્રયત્ન કરવામાં આવે છે. તેથી કાર્યકર બહેનો માટે પણ પથદર્શક બને છે. યોજનાબદ્ધ તાલિમાર્થી અમુક પ્રવૃત્તિઓ જે



જાણવા છતાં છુટી જતી હોય તે પણ આવરી લેવાઈ છે. આવી જીવનલક્ષી તાલીમ દ્વારા જ કાર્યકર બહેનો માર્ગદર્શિત થાય છે અને તે આગળ જતા બાળકોના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી નિવડે છે.

● **શ્રી સરોજબેન રાણા (એમિટિ સ્કૂલ, ભરૂચ)**

સદવિચારનુ સતત આચરણ કરતી શિશુવિહાર સંસ્થાની પ્રવૃત્તિઓને ઉજાગર કરતું સામાયિક મળ્યુ. ખૂબ મજાની સર્જનાત્મક પ્રવૃત્તિનો પૂષ્પ ગુચ્છ મહેંકી રહ્યો છે. સ્કાઉટ ગાઈડ દ્વારા જીવન શિક્ષણના પાઠ, સપ્તસુરી સંધ્યાના માધ્યમથી જૂનાં ફીલ્મી ગીતોનો આનંદ, શ્રમયજ્ઞ થકી પુરૂષાર્થની શીખ, હેલ્થ અંતર્ગત કાર્યક્રમ દ્વારા સ્વાસ્થ્યની સંભાળ, જરૂરીયાતમંદોને વિવિધ સહાય, અધધધ.... કહી શકાય એટલી પ્રવૃત્તિથી શિશુવિહાર સંસ્થાનું પ્રાંગણ ધબકતુ રહ્યું છે. જેનો ચિતાર શિશુવિહારના સળંગ અંક ૯૩૮માં વાંચી મન પ્રસન્ન થઈ ગયું. સુંદર સમાજ ઉપયોગી કાર્યો કરવામાં હંમેશા અગ્રેસર રહેનાર આપ સૌ સારસ્વતોને અંતરથી અભિનંદન

●. **શ્રી અનંત વ્યાસ (વરિષ્ઠ પત્રકાર : લેખકઃ ભાવનગર)**

માનભાઈ : મનુષ્યરૂપે એક જીવંત વિદ્યાપીઠ : ૧૯૫૦ના દાયકાનો સમયઃ હું શિશુવિહાર શાળામાં શિક્ષક તરીકે હું જોડાયો હતો. શાળાના સમયે જ્યારે પણ શાળાના પ્રાંગણમાં પ્રવેશુ ત્યારે પથ્થરના એક ઓટલા પર માનભાઈ બેઠેલા જોવા મળે. માનભાઈ બેઠા હોય ત્યારે તેમની આસપાસ પહેલાં ધોરણથી માંડી ત્રીજાં-ચોથાં ધોરણનાં દસ-પંદર બાળકો તેમને ઘેરાઈને ઉભા હોય. માનભાઈ કોઈ બાળકના આંગળાના વધી ગયેલા નખ કાપતા હોય, કોઈના વિખરાયેલા વાળ ઓળે તો કોઈના લઘર-વઘર પહેરેલા ગણવેશને વ્યવસ્થિત કરી આપતા હોય માનભાઈનો આ દરરોજનો ક્રમ. શાળાના પ્રવેશદ્વારમાં પગ મુકુ, કે સૌ પ્રથમ મારી નજર આ દ્રશ્ય પર પડે જ. મને જાણે આ દ્રશ્ય જોવાનું એક વ્યસન પડી ગયેલું ! એક દિવસ એક મહિલા માનભાઈ સામે કોઈ ચર્ચા કરતી દેખાઈ. શું વાત હશે ! એવા કુતુહલવશ હું તેમની નજીક પહોંચ્યો. એ મહિલા કહેતી હતી, ''ભાઈ ! આજે હું આપની માફી માગવાં અને સાથો સાથ આપનો આભાર માનવા જ આવી છું.''

માનભાઈએ એક ક્ષણએ મહિલા સામે જોયું અને કંઈ જ બોલ્યા વિના પુનઃ પોતાની પાસે ઉભેલા બાળકોનાં નખ કાપવા વગેરે પ્રવૃત્તિમાં મશગૂલ બની ગયા. એ મહિલા કહેતી હતી. ''ગઈકાલે મારા દિકરાએ, પોતાના વધી ગયેલા નખ આપે કાપી આપ્યા અને વાળ વ્યવસ્થિત રીતે ઓળી દીધા તેની વાત કરી ત્યારે આપના પ્રત્યેનું મારૂ માન અનેકગણું વધી ગયું, પણ સાથો સાથ મનમાં શરમ પણ ઉપજી. સંતાન

પ્રત્યેની મારી બેદરકારી ઉઘાડી પડી તેની શરમ હું અનુભવું છું. મારા દિકરાની શારીરિક સ્વચ્છતાની જવાબદારી મારી જ હોય, પણ હું એ જવાબદારી નિભાવવામાં ઉણી રહી છું તેનું આપે મને ભાન કરાવ્યું અને મને જીવનનું નવું શિક્ષણ મળ્યું.'' એક ક્ષણ અટકીને એ મહિલા બોલી મારા દિકરાની કાળજી લેવા બદલ આપનો આભાર. હવે પછી ક્યારેય અવ્યવસ્થિત નહીં દેખાય તેની હું ખાતરી આપું છું.'' અને આમ કહી માનભાઈને વંદન કરી એ મહિલા ચાલી ગઈ. પણ માનભાઈ તો બાળકો પ્રત્યેની પોતાની પ્રવૃત્તિમાં જ વ્યસ્ત રહ્યા.

ઘણાં શિક્ષણકારો જોયા છે અને કેળવણીકારો વિશે જાણ્યુ-વાંચ્યુ છે. શિક્ષક એટલે ૧૧ થી ૫ ના સમયમાં વર્ગમાં પાઠ્યપુસ્તકોના પાઠના પઠન કરતા રહે તે નહીં. શિક્ષણ વ્યવસાય નહીં ધર્મ છે, અને ધર્મ પાલન ઘડિયાળના કાંટામાં સમયબદ્ધ ન હોય, એ તો જીવન સાથે સતત જોડાયેલું હોય. શિક્ષક ૧૧ થી ૫ ના સમય પુરતો જ ન રહે, એ તો જિંદગીની ક્ષણેક્ષણ શિક્ષક જ હોય. જેના વાણી, વિચાર, વર્તન પોતાના સંપર્કમાં આવનાર હર કોઈ વ્યક્તિને જીવન જીવવાની સાચી દિશા ચિંધે તે શિક્ષક. માનભાઈ મનુષ્યરૂપે એક જીવંત વિદ્યાપીઠ હતા !

- **શ્રી ખુશ્બૂબેન ભરતભાઇ દેસાઇ (સિવણ તાલીમાર્થી, ભાવનગર)**

"જીંદગી મને રોજ શીખવે છે જીવતા શીખવે છે, ભલે એક સાંધતા તેર તુટે.'' શિશુવિહારના સિવણ તાલીમ વર્ગમાં હું શીખી છુ જીંદગીને જોડતા. સીવણ તાલીમે સ્વમાનભેર જીવતા શીખવ્યું છે. અમારાં શિક્ષક શ્રી ગુલાબબેન ચીવટથી અમને સિવણ કામ શીખવે છે. પોતાનું જ્ઞાન ખોલી આપે છે. સહુ પાસે તેઓશ્રી નામ માફક સુવાસ આપનાર વ્યક્તિત્વ છે. શિશુવિહાર પણ કોઈ કમાણીની ભાવના રાખ્યા વિના ગરીબ અને જરૂરીયાતમંદને ઉપયોગી થવાનું રાખે છે જે આશીર્વાદરૂપ છે.

- **શેખ નાઝીયા ફજલભાઇ સિવણ તાલીમાર્થી (ભાવનગર)**

હું શેખ નાઝીયા ફજલભાઈ મે વર્ષ-૨૦૧૨માં શિશુવિહાર સંસ્થામાં સિવણની તાલીમ લીધી હતી. એક વર્ષની તાલીમ બાદ વર્ષ-૨૦૧૩માં ગારમેન્ટ મેકીંગની પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસે પાસ થઈ હતી. શિશુવિહાર સંસ્થામાંથી સિવણની તાલીમ લીધા બાદ હું ઘરમાં સિવણ કામ કરી દૈનિક ૨૫૦ થી ૩૦૦ નું વેતન કરી મારા પરિવારને આર્થિક રીતે સહાય કરૂ છું. હું શિશુવિહાર સંસ્થાની ખુબ-ખુબ આભારી છું.








## સ્વરાજ્યની શાળા શિશુવિહાર

### વર્ષ-૧૯૯૨ પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ)




## જાન્યુઆરી

**સાંજ ઢળે ને દોડી જઇએ, સીધાં શિશુવિહારમાં,**

ભાઈ-બહેન સૌ હળીમળીને ઉભા રહીએ કતારમાં
રમત-ગમતની ધીંગામસ્તીમાં, વિત્યાં શૈશવ આપણાં... સાંજ ઢળે
સ્વચ્છ હવાને ધીંગી ધરતી, વૃક્ષો હતાં રળિયામણાં,
હૈયાં કેરાં મધુવન ગુંજયા, સ્વજનોના સંગાથમાં... સાંજ ઢળે
નૃત્ય, નાટય ને રાસગીતોથી રચાયાં જીવન આપણાં,
સેવાભકિતને ઉષ્મા હતી વ્યવહારમાં... સાંજ ઢળે
કરી છૂટું કઈ જગને માટે, શી તાજગી અરમાનમાં
ડગલે ડગલે પથ-પ્રદર્શક'' હતાં વડીલો આપણાં... સાંજ ઢળે
સ્ફૂરી છુટયાં સ્મરણો સઘળાં દિલડાને લહેરાવતાં,
વીજ, વાદળને નભમંડળમાં ફરી વળ્યાં પળવારમાં,
ફરી ફરીને આપો ઈશ્વર ધન્ય એ દિવસો આપણાં...સાંજ ઢળે

- **રજનીભાઇ ભટ્ટ**

**<u>ચક્ષુદાનઃ</u>** ડિસેમ્બર માસમાં પાંચ પૂણ્યાત્માઓના ચક્ષુદાન મળ્યાં છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના છે. ૧૯૯૧ના વર્ષમાં શ્રી ત્ર્યંબકલાલ એમ. વડોદરિયા ટ્રસ્ટ તથા શિશુવિહારના સહયોગથી ડો. પી.આર. મુંજપરાએ તેઓના આંખના દવાખાનામાં ૩૦ અંધજનોના દ્રષ્ટિટદાનના ઓપરેશનો કર્યા છે.

સંસ્થાનાં જ રોવર્સ સ્કાઉટ શ્રી જયેશભાઈ દવે, અમુલ રાવલ, અજય ભટ્ટની રાહબરી નીચે ૭૨ કલાકની તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ન. ચ. ગાંધી મહિલા વિદ્યાલય, નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, કુમારશાળા, દક્ષિણામૂર્તિ, અરુણ વિદ્યાલય તથા શિશુવિહાર ઓપન ટ્રુપના ૬૫ સ્કાઉટ તથા ગાઈડે ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## ફેબ્રુઆરી

- પ્રભુકૃપા નેત્રયજ્ઞઃ શિશુવિહારને આંગણે ૩૦મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તા. ૨૯ ડીસેમ્બરથી થવાનો છે.
- બાલદેવવની પ્રાણપ્રતિષ્ઠા સોમવાર તા.૨૭-૧-૯૨ મંગળદિન શિશુવિહાર માટે એક યાદગાર દિવસ બની ગયો. દિવ્યજીવન સંઘના પરમાધ્યક્ષ પૂજ્ય ચિદાનંદજી મહારાજ જેવા પાવનકારી સંત બાલદેવવન પ્રાણપ્રતિષ્ઠા માટે પધાર્યા તે શિશુવિહારનું સદભાગ્ય ગણાય.
- વિજ્ઞાનની શોધખોળ દ્વારા આજે આપણે જે અનેક સુખ સગવડો ભોગવી રહ્યા છીએ તેનો ઉદ્ભવ માનવદેહમાંથી થયેલો છે. તેથી માનવીના મૃતદેહનો વિજ્ઞાનની અનેક વિધ શોધખોળમાં અતિ મહત્વનો ઉપયોગી છે. આવા પૂણ્યકાર્યમાં જેઓ મૃત્યુબાદ દેહદાન કરતા જાય છે તેઓને કોટિકોટિ વંદન.
- સંસ્થા પરિવારના ત્રણ આજીવન સભ્યોના દુઃખદ દેહાવસનાની નોંધ લેતાં અત્યંત ઉંડા શોકની લાગણી અનુભવીએ છીએ. (૧) સ્વ. પ્રતિમાબહેન હિંમતલાલ ભટ્ટ (૨) રતીલાલ ઝવેરભાઈ મિસ્ત્રી (૩) ધીરૂભાઈ સવાણી
- શિશુવિહારની સ્થાપના કરનાર શ્રમજીવી મિત્રોના આનંદ મંગળ મંડળના સભ્ય સ્વ. જયમલભાઈ યાદવ

- શ્રી જયમલભાઈ યાદવ માનભાઈ સાથે ભાવનગર રાજ્યના પોર્ટ ફેરી વર્કશોપમાં કામ કરતાં શ્રમજીવી ભાઈબંધ. એમના જેવા થોડાક ભાઈબંધોએ મળીને ૫૦ વર્ષ પહેલાં આનંદ મંગળ મંડળની સ્થાપના કરેલ. આજે પણ આ મંડળના નામનું પાટિયું શિશુવિહારની રંગભૂમિ ઉપર લાગેલું છે. જયમલભાઈ, બચુભાઈ કામ્બડ, ઓધવજીભાઈ, જયદેવભાઈ વગેરે આ મંડળના સભ્યો હતાં. ગાંધીયુગની દેશસેવાની લગનીથી, આઠ કલાક લોઢા ટીપવાની મજૂરી પછી પણ ફાજલ સમયમાં આ દોસ્તો બીજાનું ભલું કરવાના મંગળમય કામો કરતા, આનંદ મંગળ મંડળના આ બધા મિત્રોના સાથ, સહકાર અને શિસ્તમાંથી જ શિશુવિહાર સંસ્થાની સ્થાપના થઈ તથા લોકસેવાનાં ઘણાં કામો થયાં. શ્રી જયમલભાઈ આ મંડળના ઉત્તમ કોટિના સક્રીય સભ્ય હતા. ઊંચી પડછંદ કાયા, મધુર પહાડી અવાજ, મીરાં કે નરસિંહ મહેતાને ભક્તિનાં ગીતો લખવા માટે ભણવાની જરૂર નહોતી તેમ જયમલભાઈએ પણ મજૂર જીવનનાં સુંદર ગીતો સ્વયંભૂ રચેલાં છે. અદભૂત લખાયાં છે અને ગવાયાં છે.



- આનંદ મંગળ મંડળનાં સભ્યો ગામડાંમાં જઈને, શેરીઓમાં જઈને અને રંગભૂમિના નાટકો પણ ભજવતાં. તેમાંના ઉત્તમ નાટય કલાકાર તરીકે જયમલભાઈ ઝળકી ઉઠતા. કરચલિયાપરાની બજરંગ વ્યાયામ શાળા તેણે શરૂ કરેલી. શિશુવિહારમાં અને જુદાં જુદાં ગરીબ લતામાં જઈને બાળકોને રમાડવાની અને ગીતો ગવરાવવાની એકધારી અમૂલ્ય સેવા વર્ષો સુધી આપી. જીવનના અંત સુધી સમાજોપયોગી બની રહેવા માટે ઔષધિય તેલ તથા બીમારને મસાજ દ્વારા સારવાર આપવાનું કામ જાતે શીખ્યા. થેલીમાં ઘરનું તેલ અને મલમ પાટા લઈને સવાર સાંજ દર્દીને ઘરે સારવાર આપવા જાય, મફત સારવાર કરે અને કોઈવાર દર્દી બેચેન હોય તો મધુર કંઠે એકાદ ગીત પણ સંભળાવે. આમ શ્રી જયમલભાઈ જીવ્યા ત્યાં સુધી સ્વેચ્છાથી, નિઃસ્વાર્થભાવે સેવા કરીને તા.૧૩-૧-૦૨ના રોજ ૭૫ વર્ષની ઉંમરે અવસાન પામ્યા.

**શિશુવિહાર સંસ્થાના સ્થાપક સભ્યની વસમી વિદાયે શોકગ્રસ્ત છે.**

**બે નવાં પ્રકાશનો :**

૧.શિશુવિહારની સુવર્ણ જયંતીની ઉજવણીનાં વર્ષની શુભેચ્છાઓમાંથી કરેલ સરવાણીની પુસ્તિકા - **ડો. નાનકભાઇ ભટ્ટ**

૨. શિશુવિહાર સંસ્થાનાં પ્રથમ કોટીના અનન્ય સેવક સ્વ. ગોવિંદભાઈની કર્મકથા. આલેખક - **શ્રી દિલીપભાઇ રાણપુરા**

## માર્ચ

શિશુવિહારનો પહેલો પ્રભુકૃપા નેત્રયજ્ઞ ૧૯૬૮ના ઓકટોબર માસમાં થયો હતો પછીના ૨૫ વર્ષમાં, બીજા ૩૦ નેત્રયજ્ઞો યોજાયા છે.

શિશુવિહારમાં ગયા નવેમ્બરમાં યોજાયેલ નેત્રયજ્ઞમાં દર્દીની સંખ્યા વધી જતાં પૂરતા સાધન અને સગવડનાં અભાવે ઘણાં દર્દીઓને દાખલ કરી શકાયા નહોતાં. તેથી ફેબ્રુઆરી માસમાં ફરી નેત્રયજ્ઞ થયો. આ નેત્રયજ્ઞનુંઉદઘાટન જાણીતા લોકસેવક, ગુજરાત રાજયના માજી નાણાપ્રધાન, શ્રી સનત મહેતાના વરદહસ્તે દીપ પ્રગટાવીને કર્યું હતું.

બાલદેવવનની પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે ચીખોદરાથી શ્રી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલના સેવાભાવી આઈ સર્જન ડૉ..રમણિકભાઈ દોશી લખે છેઃ બાળકો પ્રભુના પયગંબર છે. તેને માટે સુંદર બાલદેવવન બને તે યોગ્ય છે. પૂજ્ય સ્વામી ચિદાનંદજી જેવા પરમ આદરણીય સંતની ઉપસ્થિતિ અને આશીર્વાદથી તેનો સર્વાંગી વિકાસ થશે

જ તેમાં શંકા નથી. દ્વારકા યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડો. ઈશ્વરભાઈ પરમાર લખે છેઃ ઘણાં વર્ષોથી સેવેલી બાલદેવવન પરીકથા ભાવેણાની ધરતી ઉપર શિશુવિહારમાં સાકાર થઇ રહી છે. તે જાણી હૈયું હરખાય છે. બાલદેવવનની વસંતના ફૂલોના પરાગની સુવાસ ગુજરાતના બધા ગામોમાં છવાઇ રહેશે. તેવી આશા છે. સતપાલ પરિચય પુસ્તિકાના સંપાદક અને વિશ્વવાત્સલ્ય પાક્ષિકના તંત્રી શ્રી મનુભાઇ પંડિત લખે છે. શિશુવિહારની સુવર્ણજયંતિના વર્ષમાં જે સુંદર કાયક્રમો યોજાતા રહે છે. તે અન્ય સંસ્થાઓને તેમજ લોકોને ખૂબ પ્રેરણા આપે તેવા છે. સ્વામી તદરૂપાનંદજીના સાનિધ્યમાં બાલદેવવન બનાવવાનું સૂઝયું, તે બહુ સારો વિચાર છે. કાર્યક્રમ સુંદર રીતે પાર પડયો હશે. મદુરાઈની કામરાજ યુનિવર્સિટીની અરવિંદભાઈ આઇ હોસ્પિટલમાં શિશુવિહારે મોકલેલ ચક્ષુદાન વડે અંધજનોને દેખતાં કરવાનાં આઠ સફળ ઓપરેશનો થયાં છે ભાવનગર જિલ્લા સ્કાઉટ-ગાઇડ સંઘનાં શિશુવિહારના આઠ સ્કાઉટ અને નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયના આઠ ગાઇડ ફેબ્રુઆરીમાં દમણ મુકામે રાષ્ટ્રીય ભાવાત્મક એકતા શિબિરમાં ભાગ લેવા ગયા હતા જરૂરિયાતમંદ બહેનો ઉદ્યોગ કરીને પગભર રહેવા પ્રયત્નશીલ હોય તેને પ્રોત્સાહન આપવા શિશુવિહારને જાણીતા થીઓસોફીસ્ટ સદગૃહસ્થ સ્વ. હોમીભાઈ કોચ બિલ્ડરના સ્મરણાર્થે કાયમી ફંડમાં રકમ મળેલ છે. તેના વ્યાજમાંથી દર વર્ષે ઉધમી બહેનોને આર્થિક સહાય આપવામાં આવે છે. ૧૯૯૨નાં વર્ષની સહાયમાં હાથીથાનના ખાદી ઉદ્યોગ મંદિરની કાંતનારી ૨૦ બહેનોને દરેકને રૂ.૨૦૦નો પુરસ્કાર અપાયો. આ રકમ ખાદીની હુંડીનાં રૂપમાં અપાયેલ છે. જેમાંથી દરેક બહેનોને દર વર્ષે ૬૦ રૂપિયાની ખાદી મળતી રહેશે.

બાલદેવવનઃ બાલદેવવનનું જાન્યુઆરી આખરમાં ઉદ્દઘાટન થયા પછી ફેબ્રુઆરી માસમાં ભાવનગરની બાલકેળવણીની સંસ્થા મધરકેર, દક્ષિણામૂર્તિ, ઘરશાળા, ફાતિમા કોન્વેન્ટના ૭૯૮ જેટલાં બાળકો બાલદેવવનમાં રમવાં કુદવાં આવી ગયા. બહારગામની કેટલીક સંસ્થાનાં સંચાલકો પણ બાલદેવવનની યોજના જાણવા સમજવા આવી ગયા.

## એપ્રિલ

શિશુવિહારનું જીવન ધ્યેય
જન્મ્યાં છીએ તો સાર્થક જીવન કરી જવાનું,
સેવાને માર્ગે જીવનનું લક્ષ્ય પામવાનું.
એ ભાવના જ એના હર કાર્યમાં વણાઇ,
સેવા જ ધર્મ સાચો, એની જ બસ સગાઈ.
સથવારે સાથીઓનાં, કીધું છે ભવ્ય સર્જન,
લાગ્યાં છે દાન લેખે, તેનું છે રમ્ય દર્શન.
દાઝયાંને ઠારવાને, ઘરડાંને પાળવાને,
સિંચ્યાં છે શ્રમને શકિત, કર્તવ્યના જ ભાને.
છે ધન્ય આવું જીવન, સેવામાં જે વીતે છે,
શ્રમ, સાધનાને નિષ્ઠા જગતના હૃદય જીતે છે.

**- કિસ્મત કુરેશી**

શિશુવિહાર બુધસભામાં શ્રી હરિભાઈ ચૌહાણ સ્થાપિત કવિ નાથાલાલ દવે પુરસ્કાર, નાટયકાર અને કવિ શ્રીમાન ભાસ્કરભાઈ વ્હોરાને ભાવનગર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. નિરંજનભાઈ દવેના વરદ હસ્તે અપાયો. શિશુવિહાર તરફથી તેઓનું શાલ ઓઢાડીને સન્માન કર્યુ. દિવ્ય જીવન સંઘ-ભાવનગર શાખાના તમામ સભ્યોની વાર્ષિક સામાન્ય સભા સ્વામીશ્રી તદરૂપાનંદજી બાલદેવવનમાં તા.૧૦ મે ૧૯૯૨ રવિવારે મળી હતી.

## મે

૧૯૩૯માં શિશુવિહારની સ્થાપના કરનાર શ્રમજીવી મિત્રોએ સંસ્થાની ભીંત ઉપર તે વખતે લગાડેલ ભીંતપત્રો હજુ મોજૂદ છે. ભીંતપત્રો સંસ્થાનાં સ્થાપકોની જીવન ફીલસૂફીની ઝાંખી કરાવે છે. સંસ્થાની સ્થાપના સાથે જે જીવન ભાવના જોડાયેલી છે તેનું પણ દર્શન કરાવે છે. અહીં ભીંતપત્રનાં કેટલાક સુત્રો પ્રકાશિત કરીએ છીએ.

જ્યાં સુધી જીવનમાં સાદાઇ, કરકસર અને ખડતલપણું નહીં આવ્યું હોય ત્યાં સુધી બીજી બધી આવડત અને સાધન સંપતિ આત્મઘાતક અને બોજારૂપ બનશે જેને પોતાનાં જીવન ઘડતર અને ચણતરની ચોકસાઈ ભરી યોજના નહી હોય, તે ગમે તેટલું મેળવશે તોય કાયમ દુઃખી જ રહેવાનો. જીવનનું આયોજન પણ યથાશકિત મર્યાદિત હોવું જોઈએ. બીજાઓ શું કરે છે, કેમ કરે છે, તે જોવાનું કામ આપણું નથી. આપણે સમજણપૂર્વક, બીજાને અડચણરૂપ થયા વિના આપણું કર્તવ્ય-પ્રવૃત્તિ કર્યા કરીએ તે જ ઉપકારી ગણાય. તમામ પ્રકારના ધર્મ કે પક્ષ ઘરના ઉંબરા પૂરતા જ રહેવા જોઈએ. સર્વધર્મ સન્માન અને માનવતાવાદી પક્ષ એ જ સાચો ધર્મ અને સાચો પક્ષ. આ વાતનું સારાસાર વિવેક સાથે આચરણ થાય તો પૃથ્વી ઉપર સ્વર્ગ સર્જાય પોતાના યોગક્ષેમ માટે પ્રામાણિક ધંધો કરીએ. પૈસો પેદા

કરવો તેમા કોઇ પાપ નથી, પરંતુ વ્યાજબી પૈસો મેળવીએ તેના યોગક્ષેમની આપણી જવાબદારી ન ભુલીએ. થોડું પણ વળતર મેળવીને કોઈ કાર્ય થાય તેને સેવા ન કહેવાય. પ્રામાણિક નોકરી જ કહેવાય. સેવા એ છે, કે જે નિષ્કામ, નિસ્વાર્થ હોય. સેવા ફળદાયી નિવડે. બાકીનું કામ ફરજ ગણાય. - (માનભાઇ ભટ્ટ)

રાત ને દિવસ, કૂદકે ને ભૂસકે વધતી જતી અસહ્ય કાળઝાળ મોંઘવારીને કારણે બાલમંદિરનાં કર્મચારીઓને યથાશકિત વધારે વેતન આપી શકાય. બાળકોને પૌષ્ટિક આહાર આપવાનું ચાલુ રહે તથા બાળકો માટેના શૈક્ષણિક સાધનો તથા સુવિધાઓ જળવાઈ રહે તેવા હેતુથી જૂન ૧૯૯૨થી ફીનું ધોરણ નીચે મુજબ રહેશે. (૧) દાખલ ફીઃ રૂ.૩૦ (૨) માસિક શિક્ષણ ફી રૂ.૩૦ (૩) સત્ર ફી રૂ.૩૦ (૪) માસિક નાસ્તા ફીઃ રૂ ૧૩ બાલશિક્ષણનો અનુભવ વર્ગઃ જુલાઈ ૧૯૮૧થી શિશુવિહારનાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં દરેક સત્રમાં પાંચ માસનો બાલશિક્ષણનો અનુભવનો વર્ગ ચાલે છે. છેલ્લાં દસ વર્ષમાં ૧૨૫ જેટલાં બહેનો આ અનુભવ વર્ગમાં ભણી ગયાં. જૂન ૧૯૯૨થી શરૂ થતાં સત્રમાં ૨૨મો અનુભવ વર્ગ થશે. તેમાં ૬ બહેનોને દાખલ કરવામાં આવશે. દાખલ થનારને આર્થિક રાહત મળે તેવા હેતુથી માસિક રૂ.૧૭૫ની શિષ્યવૃત્તિ અપાય છે. શિશુવિહારના શુભેચ્છક શ્રી પ્રભાબહેન ડી. ભટ્ટ તરફથી સ્વ. દિનમણિશંકર રામશંકર ભટ્ટના સ્મરણાર્થે શિશુવિહારને રસ્તે જતાં આવતાં વટેમાર્ગુ માટે પરબ બંધાવેલ છે.

૧૯૯૧ના વર્ષમાં ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ તરફથી લેવાયેલ ચિત્રકામની પરીક્ષામાં શિશુવિહાર કલાવર્ગમાં ૪૫ ભાઈ-બહેનો એલીમેન્ટરીની પરીક્ષામાં બેઠાં હતાં. તેનું પરિણામ ૧00% આવ્યું છે.

**નવા પ્રકાશનો :**

જીવન સંધ્યાનો સુવર્ણ કળશઃ (આવૃત્તિ ત્રીજી) લેખકઃ મીરાં ભટ્ટ

કસ્તુરી કાવ્યસંગ્રહઃ રચયિતાઃ ભાગીરથી મહેતા (જાહ્નવી)

પ્રકાશકઃ અર્જુન કુમાર મહેતા

## જુન

બાળગીતો શીખવાનો છ દિવસનો વર્ગ તા. ૨૫ થી ૩૦ મે સુધી ચાલ્યો. તેમાં નાનાં મોટાં ૪૦ ભાઈ-બહેનો દાખલ થયા હતા. આ વર્ગમાં દાખલ થનારને શિશુવિહાર બાલમંદિરમાં ગવાતાં ૧૦૧ ગીતોનું પુસ્તક ભેટ આપવામાં આવેલ. બાલગીતોના વર્ગનું સંચાલન સંગીત વિશારદ શ્રી દર્શકભાઈ ઓઝાએ કર્યું હતું. તબલાની સંગત શ્રી દિલીપભાઈ પટેલે કરેલ. વર્ગની પૂર્ણાહુતિ પ્રસંગે દરેકને પ્રમાણપત્ર તથા પ્રસાદ આપવામાં આવેલ.



દેશભરમાં જાણીતી એકસલ ઈન્ડસ્ટ્રીઝ ખેતી માટેની દવાઓ બનાવનાર ઉદ્યોગ છે, પરંતુ તેના સંચાલકો ગાંધીજીએ ચીંધેલ માર્ગે સમાજના ટ્રસ્ટી બની નિષ્કામ જનસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવ્યા કરે છે. તેઓ શિશુવિહારને પણ પોતાની સંસ્થા સમજીને અનેક પ્રસંગોએ ઉદારતા પૂર્વક સહાય કરે છે તે બદલ શિશુવિહાર સંસ્થા એકસલની સદાય ઋણી રહેશે.

દેહદાનનો નિર્ણયઃ જો આપણે આત્માની અમરતામાં અને દેહની નશ્વરતામાં માનતા હોઈએ તો મૃતદેહને ચિતામાં બાળવાનો કે જમીનમાં દાટવાનો મોહ છોડી દેહદાનનું વસિયતનામું કરી નાખવું જોઈએ, જેમાંથી પ્રાણ ચાલ્યા ગયા છે એ શરીર ભલેને મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓનાં અભ્યાસમાં કે દાકતરી સંશોધનમાં ઉપયોગી થાય. દેહદાન અને ચક્ષુદાન એ પૂણ્ય પ્રવૃત્તિ છે. રીતરીવાજોમાંથી સમાજે મુકત થવું જોઈએ. જીવ જેવો જીવ ઊડી જાય પછી આ દેહનો વળી મોહ શો? ભકત કવિ સૂરદાસે તો વૃક્ષનું જ રૂપક આપીને કહ્યું છે કે, જે દિવસે તન તરુવર ઉપરથી મન પંખી ઉઠી જશે તે દિવસે શરીર વૃક્ષના બધાં ‘પાંદડાં ખરી પડશે. સગાં-વહાલાં પણ તરત “કાઢો કાઢો” કરશે. અનેક દેવી-દેવતાની માનતા માનીને મેળવેલ પુત્રને પણ ચિતામાં વાંસ કે વળી ખોસીને તપાસશે કે મડદું બળી ગયું છે કે નહીં ? આના કરતાં દેહદાન દેવાનો નિર્ણય કરી નાખોને !

શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદી (‘જન્મભૂમિ’ના સૌજન્યથી)

શ્રી બજરંગદાસ રમકડાં ઘર અને બાલપુસ્તકાલયમાં મે માસમાં રમકડાં ઘરમાં રમવા આવનાર બાળકોની સભ્ય સંખ્યા ૪૯ હતી અને બાલ પુસ્તકાલયની સભ્ય સંખ્યા ૪૪ હતી. ૧૯૫ રમકડાં પ્રદર્શન તરીકે જોવા મુક્યા હતા. વેકેશનમાં પુસ્તકાલયમાં સભ્ય બાળકો માટે સુલેખનની હરિફાઈ ગોઠવી હતી. તેમાં ૧૫ બાળકોએ ભાગ લીધો હતો. વિજેતાને નોટબુક ભેટ આપવામાં આવી. સંસ્થાનાં મોંઘીબહેન બધેકા બાલમંદિર સત્રાંત પ્રદર્શન સાથે પપેટ્સનું પ્રદર્શન પણ રાખ્યું હતું. બાળકોને તથા વાલીઓને શૈક્ષણિક રમકડાંના પ્રદર્શનનું સારું આકર્ષણ રહ્યું.

પ્રકાશન એ જનસેવાની અને લોકશિક્ષણની અત્યંત ઉપયોગી પ્રવૃત્તિ છે તેથી અત્યારની કાગળ તથા છાપકામની વધતી જતી મોંઘવારીમાં પણ ચાલુ રહે છે. પ્રકાશન ઉપર લેશમાત્ર વહીવટી ખર્ચ ચડાવ્યા સિવાય માત્ર કાગળ અને છાપકામના પડતર ભાવે પુસ્તકો અપાય છે. તેમાં લેશમાત્ર ફાયદાની વેપારી વૃત્તિ કે દ્રષ્ટિ નથી. જરૂરિયાતવાળા જિજ્ઞાસુઓને પ્રોત્સાહનાર્થે વિનામૂલ્યે પણ પાર વિનાનું સાહિત્ય વહેંચાતુ રહે છે. શિશુવિહારે અત્યાર સુધીમાં લગભગ ૨૦૦ જેટલાં પ્રકાશનો કરેલ છે. જીવનના ઘડતરની માર્ગદર્શક પત્રિકાઓ તો

છપાતી જ રહે છે અને સૌને પ્રસાદીરૂપે અપાતી રહે છે. તા.૧૫ થી ૨૩ સુધી યોજાયેલ સ્ત્રીશકિત શિબિરનાં ૭૦ બહેનોને દરેકને પાંચ ઉપયોગી પુસ્તિકાનો સેટ ભેટ આપવામાં આવેલ.

**ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ હવેથી ટ્રસ્ટ પોતાની રીતે પ્રકાશિત કરશે.**

## જુલાઇ

ચક્ષુદાનઃ જૂન માસમાં પાંચ પુણ્યાત્માઓનાં ચક્ષુદાન મળ્યાં છે. આ ચક્ષુદાન સ્વીકારવા માટે ભાવનગરના સેવાભાવી આંખના સર્જનો ડૉ. પી. આર. મુંજપરા, ડૉ. સી. જે. શુકલ તથા ડૉ. એમ.એચ. જાડેજાએ માનદ સેવા આપેલ છે.

તા. ૯ થી ૧૩ સુધી નેશનલ ટ્રેનિંગ સેન્ટર, પંચમઢી ખાતે ભારત સ્કાઉટ ગાઇડ સંઘના દ્વારા રોવર રેન્જર સમારોહ યોજાઇ ગયો. જેમાં શિશુવિહારથી ૬ રોવર્સ તથા ૬ રેન્જર્સ અને એક રેન્જર લીડરે ભાગ લીધો હતો. અમુલ રાવળ ટ્રુપ લીડર તરીકે સહુને મદદરૂપ થયા હતા. તા. ૩ થી ૫ જૂન સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી પાયોનિયરિંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિશુવિહાર ગ્રુપનું એક સમૂહ ભોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ૪૦ સ્કાઉટ ગાઈડે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શિશુવિહારમાં દરરોજ સાંજે ૫:૩૦ થી ૭ વાગ્યા સુધી સ્કાઉટની પ્રવૃત્તિ ચાલે છે. હાલની સંખ્યા ૭૫ સુધી પહોંચી ગઈ છે. શ્રી તારાબહેન મોડક શતાબ્દી પ્રસંગે બાલમંદિરનાં ઉપક્રમે બાલસભાનું આયોજન, બાળકો દ્વારા નિર્મિત સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક ચાર્ટનું પ્રદર્શન, બાળ નાટક, બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન, બાળ ઉછેર, પોષણયુકત આહાર, બાળ આરોગ્ય શિબિર, બાળક વિકાસ પરિસંવાદ, મોટેરાંઓનો બાળકો પ્રત્યેનો વ્યવહાર પરિસંવાદ, બાળવર્તન, બાળશિક્ષણનું મહત્વ જેવા વિષયો પર વકતઓમાં વ્યાખ્યાનોનું આયોજન, વાલીસભા, માતૃસભા, ગામમાં બાળક્રીડાંગણ સ્થાપના, બાલ વાંચનાલયની વ્યવસ્થા બાળકોનો પ્રવાસ, બાળમેળો બાળકો વિશેનાં પોસ્ટરો, ભીંતપત્રો અને બાળ ચલચિત્રોનું નિદર્શન કરી સમાજમાં બાળકોના સર્વાંગી વિકાસ પ્રત્યે જાગૃતિ લાવવા પ્રયાસ કરવો. આંગણવાડી કાર્યકરોની બે, પાંચ અને સાત દિવસની કાર્ય શિબિરો યોજવી., બાલશિક્ષકો માટે શૈક્ષણિક કાર્ય શિબિરોનું આયોજન કરવુ. પ્રાથમિક શાળાઓમાં બાળગીતો, બાળનાટકો અને બાળવાર્તાઓનો પ્રસાર કરવા વિચારાયું છે. રવિવાર તા. ૨૮ના રોજ સાંજના ૬:૩૦ વાગે બુધસભાના સભ્ય, નવોદિત યુવાન કવિ શ્રી સલિલ શાહ ભંવરના કાવ્યસંગ્રહ ‘‘મેઘધનુષનો આઠમો રંગ’’નું વિમોચન થયું.



સંસ્થાનાં આજીવન સભ્ય સ્વ. શેઠ શ્રી ત્રિકમલાલ બી. શાહના સ્મરણાર્થે તેઓના સુપુત્ર શ્રી દિલીપકુમારે પિતાશ્રીએ વસાવેલ પુસ્તકો ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય અને વાચનાલયને ભેટ આપેલ છે. સ્વામી વિવેકાનંદ કેન્દ્રઃ કન્યાકુમારી આયોજિત ૨૨,૦૦૦ કિમી. અને ૩૪૭ દિવસની ભારત પરિક્રમા યાત્રાના ૫૦ યાત્રિકો તથા સ્વામી વિવેકાનંદ કેન્દ્ર-કન્યાકુમારીના અધ્યક્ષ પરમાદરણિયા ડૉ. એમ. લક્ષ્મીકુમારી દિવ્યજીવન સંઘ અને શિશુવિહારના નિમંત્રણને માન આપી તા. ૬ જુલાઈના રોજ શિશુવિહારાને આંગણે પધાર્યા હતાં. પૂ.સ્વામી શ્રી વિવેકાનંદજીની, ભારત પરિક્રમાની અને કન્યા કુમારી ભાવનગરના સ્નેહસેતુની કાયમી સ્મૃતિમાં આ ઐતિહાસિક સુવર્ણ જયંતિ પ્રસંગે પૂ. લક્ષ્મીદીદીનાં વરદ હસ્તે બાલદેવવનમાં સ્વામી વિવેકાનંદ પરિક્રમા વટવૃક્ષનું રોપણ થયું. બાલદેવવનમાં ગ્રુપ ફોટો લેવાયો. યાત્રીઓએ સંસ્થા નિહાળી અને સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો. બોટાદ તાલુકામાં સમઢિયાળા-૧ પાસે આવેલ ઢીંકવાળી ગામે શ્રી મગનભાઇ પટેલના નિમંત્રણથી મહેશભાઇ, અખિલેશભાઇ તથા ડો.રજનીભાઇ કાલારિયા તા.૨૭ જૂને ગયા હતા. ગ્રામજનોએ તાજેતરમાં બંધાવેલા સત્સંગ હોલમાં ગ્રામજનોએ બાળકો સાથે પ્રાર્થના સત્સંગ કર્યો હતો. અહીંથી ગયેલા ત્રણે ભાઇઓએ દિવ્યજીવન સંઘ તથા શિશુવિહાર પ્રવૃત્તિ માહિતી સૌને જણાવ્યો હતો.

## ઓગષ્ટ

- કુટુંબમાં બિમારી કે અકસ્માતના સંજોગોમાં બિમારની સારવાર માટે જોઇતાં ખાસ સાધનોની જરૂર પડે છે, પરંતુ અત્યારની કાળજાળ મોંઘવારીમાં થોડા સમય માટે આ સાધનો વસાવી શકાય નહીં તેથી શિશુવિહારમાં આવા સારવારનાં સાધનો વસાવેલા છે અને જે કોઇ કુટુંબને જરૂર પડે તેને અનામત લઈને અપાય છે.
- મોડર્ન કન્સ્ટ્રકશનની વિદ્યોત્તેજક સહાયથી ચાલતી બુક બેંક દ્વારા આ શૈક્ષણિક વર્ષમાં ૮ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતાં ૪૮ વિદ્યાર્થી ભાઇ-બહેનોને જોઈતાં તમામ પાઠયપુસ્તકો વિનામૂલ્યે ફકત અનામત લઈને અપાયા છે. શિશુવિહારમાં ૨૦ વર્ષ સુધી સીવણવર્ગનું સંચાલન કરનાર આદર્શ શિક્ષિકા સ્વ. લીલીબહેન દવેનાં સ્મરણાર્થે તેઓના સંતાનોની સહાયથી કાયમી સીવણ સ્મારક યોજના ચાલે છે. ઘણાં સમયથી આ યોજના નીચેભાવનગરમાં ચાલતા સીવણવર્ગોનાં તમામ બહેનોને સીવણ સમજૂતી નામની પુસ્તિકા ભેટ આપવામાં આવે છે. શિશુવિહારમાં સાધન-સંપન્ન કલાકેન્દ્ર છે. જાણીતા ચિત્ર શિક્ષક અને કલાકાર

શ્રી ભરતભાઈ પંડયા તથા હસ્તઉદ્યોગનાં નિષ્ણાત શ્રી ઈન્દાબહેન ભટ્ટ તેનું સંચાલન કરે છે. આ વર્ગમાં કલાકારીગરીના વિવિધ વર્ગો ચાલે છે. ઉપરાંત એલિમેન્ટરી અને ઈન્ટરમીડિએટના ચિત્રવર્ગો પણ નિયમિત શરૂ રહે છે. ગયા વેકેશનમાં સર્જનાત્મક ચિત્રકામની શિબિરનું આયોજન થયું હતું. તેમાં ૬ થી ૧૪ વર્ષનાં ૧૦૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો દાખલ થયાં હતાં.

- બાલમંદિરમાં આ માસમાં બાળકોની સંખ્યા ૩૨૪ હતી. કામના દિવસો ૨૬ હતા અને હાજરીનું પ્રમાણ ૮૬ ટકા હતું. બાલમંદિરમાં સંગીત શિક્ષક તથા તબલાની સંગતી કરનાર પહેલેથી જ છે, પરંતુ ચિત્રકામ માટે કોઈ તાલીમ પામેલ શિક્ષક ન હતા, હવે જૂન ૧૯૯૨થી શ્રી ગોપાલભાઈ ભટ્ટ ચિત્ર શિક્ષક તરીકે પાર્ટ ટાઈમ સેવા આપે છે. તેથી બાળકોને ખૂબ ગમતી ચિત્રકામની પ્રવૃત્તિ સરસ ચાલે છે. માસમાં રમકડાં ઘરમાં બાળકોની સભ્ય સંખ્યા ૨૬ની હતી. આ બાળકોને રમવા માટે ૧૨૦ રમકડાં વસાવવામાં આવેલ.
- બાલ પુસ્તકાલયની સભ્ય સંખ્યા ૫૫ હતી. આ સભ્યોએ જુલાઈ માસમાં ૪૪૦ બાલપુસ્તકો વાંચ્યા. રમકડાં ઘરમાં દોઢથી પાંચ વર્ષનાં બાળકો રમી શકે તેવા રૂ.૩૦૦નાં નવાં રમકડાં આ માસમાં વસાવેલાં છે. બાલદેવવનમાં જુલાઈ માસમાં ૬ બાળકો વાર્ષિક સભ્ય તરીકે જોડાયા છે વાર્ષિક સભ્યોની કુલ સંખ્યા ૩૫ થઈ છે. જુલાઈ માસમાં બહારથી રમવાં આવેલ બાળકોની સંખ્યા ૪૪૯ હતી. વનમાં વૃક્ષો વાવવાનું તથા સમગ્ર યોજનાનું અધૂરું રહેલું કામ ચાલે છે. પ્રાથમિક સારવારની પ્રશ્નોતરીની ૧૧મી આવૃત્તિ છપાઈ ગઈ છે. આજ સુધીમાં આ પુસ્તકની ૨૧ હજાર પ્રતો છપાઈ ગઈ છે.

## સપ્ટેમ્બર

- શિશુવિહારમાં છેલ્લાં ત્રીસ વર્ષથી દર વર્ષે દિવાળી પહેલાં પ્રભુકૃપા નેત્રયજ્ઞ થાય છે. આ વખતનાં ૩૧માં નેત્રયજ્ઞની જાહેરાત થઈ ગઈ છે. આ નેત્રયજ્ઞ ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગથી થશે. સામાન્ય રીતે સરકાર દ્વારા ચાલતી લોક કલ્યાણની પ્રવૃત્તિમાં ૮૦ ટકા ખર્ચ વહીવટમાં જ જાય છે. લોકહિત પાછળ માત્ર ૨૦ ટકા જ વપરાય છે, પરંતુ સરકાર ગ્રાન્ટ નહીં લેતી, લોક આધારિત જાહેર સંસ્થામાં ઓછામાં ઓછા વહીવટી ખર્ચે વધુમાં વધુ સેવાના પૂણ્યકાર્યો નિષ્ઠાપૂર્વક ચાલી રહ્યાં છે. શિશુવિહારની આવી નિષ્કામ જનસેવાની અનોખી કાર્યપદ્ધતિથી પ્રભાવિત થઈને તેને નાની મોટી સ્વૈચ્છિક સહાય મળતી જ રહે છે. રકતદાન હવે સામાન્ય બની ગયું છે. ચક્ષુદાન અને દેહદાન એ ભાવનગર અને શિશુવિહારની પુણ્ય પ્રવૃત્તિની વિશિષ્ટતા છે. આ કાર્યમાં ભાવનગરની જનતાએ શિશુવિહારને જેટલો સાથ આપ્યો છે તેટલો સહકાર આખા દેશમાં કોઈ સંસ્થાને કોઈ શહેરે આપ્યો નહીં હોય તેવું લાગે છે. શિશુવિહારના કોઈ શુભેચ્છક અભ્યાસી વિદ્વાનને તેનો અભ્યાસ કરવા નમ્ર વિનંતી છે. માસમાં ચાર પુણ્યાત્માઓના દેહદાન મળ્યા તે સાથે છેલ્લા એક જ દસકામાં શિશુવિહારને મળેલા કુલ દેહદાનનો આંકડો ૧૯૭ સુધી પહોંચેલ છે. દેહદાન માટે નોંધાયેલા વસિયતનામાની સંખ્યા ૩૯૪ જેટલી છે. બહેનો માટે બપોરે ૩ થી ૫ અને ભાઈઓ માટે રાત્રે ૮ થી ૧૦ સીવણ વર્ગ નિયમિત ચાલે છે. ઓગસ્ટ માસમાં બહેનોની સંખ્યા ૩૩ અને ભાઈઓની સંખ્યા ૫૦ રહી. સ્વ. લીલીબહેનનાં સ્મરણાર્થે સીવણ પુસ્તિકા ભાવનગરના તમામ સીવણ વર્ગોમાં તાલીમ લેતા ભાઈ-બહેનોને ભેટ આપવામાં આવી છે. ઉપરાંત સિહોર મહિલા મંડળ, પાલીતાણા મહિલા મંડળ તથા પીપરલા ગ્રામ સેવા મંડળને દરેકને આ પુસ્તિકાની ૧૦૦ નકલો ભેટ આપી છે. ૧૫મી ઓગસ્ટનાં દિવસે જાણીતા એડવોકેટ શ્રી વિનુભાઈ ગો. ગાંધીનાં શુભ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ શિશુવિહારનાં સ્કાઉટ એકસેલ ઈન્ડસ્ટ્રીઝ બેન્ડની સેવા આપવા માટે ગયા હતા.

## નવેમ્બર

- ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગથી શિશુવિહારનો ૩૧મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શરદપૂનમ ઉપર તા.૯ થી ૧૪ સુધી ઉજવાયો. આ નેત્રયજ્ઞનું ઉદ્દઘાટન પૂજ્ય સ્વામી તદરૂપાનંદજીના પરમ શિષ્યા તન્મયાનંદજી (ક્ષમાબહેન)નાં વરદ હસ્તે મંગલદીપ પ્રગટાવીને થયું. શિશુવિહારે ઘણાં વર્ષ પહેલાં વૃદ્ધ સન્માન સમારંભ કરવાની પહેલ કરેલ. અગિયાર વર્ષ સુધી દર વર્ષે જાહેર મેળાવડો કરી વૃદ્ધોનું સન્માન કર્યું. તેને લીધે જુદી જુદી કોમોમાં અને જ્ઞાતિઓમાં પણ વૃદ્ધોનું સન્માન કરવાની ભાવના જાગી. ઘણાં વર્ષોથી બંધ પડેલી આ પ્રવૃત્તિ યોગ્ય યજમાન મળતા ફરી પાછી સંવત ૨૦૪૯ના નવા વર્ષમાં શરૂ કરી. લાભ પાંચમના શુભ દિવસે વર્ષ ૧૯૯૨ના રોજ ભાવનગરના જાણીતા નાગરિક અને શિશુવિહારના પ્રમુખ ડો. નિર્મળભાઈ વકીલના પૂજ્ય પિતાશ્રી સ્વ. ન્યાલચંદભાઈ લક્ષ્મીચંદ વકીલના સ્મરણાર્થે ફરી શરૂ કરી છે. લોકશિક્ષણની આ પ્રવૃત્તિને સૌનો સાથ સહકાર મળતો રહેશે તેવી ખાત્રી છે. વૃદ્ધજન સમાજનું અત્યંત ઉપયોગી અંગ હોવા છતાં તેમના તરફ દાખવવામાં આવતું દુર્લક્ષ સામાજિક દૂષણ છે. તેને દૂર કરવા માટે વૃદ્ધોનું સન્માન કરતાં શીખીએ. આ પ્રસંગે પ્રાધ્યાપક શ્રી જનાર્દનભાઈ દવેએ પ્રસંગોચિત પ્રવચન

આપ્યું હતું. શિશુવિહાર સંસ્થાની ઈમારતનો મજબૂત પાયો નાખવામાં જે ઉદારદિલ દાતાએ શરૂઆતમાં સ્વૈચ્છિક ફાળો આપેલ છે તે પ્રાતઃસ્મરણીય સ્વર્ગસ્થ પૂજય મણિલાલ છગનલાલ બક્ષીના સુપુત્ર શ્રી મનુભાઈ બક્ષીના દેહાવસાનની દુઃખદ નોંધ લેતા શિશુવિહાર પરિવાર ખેદની લાગણી અનુભવે છે.

## ડીસેમ્બર

ઘણાં વર્ષ પહેલાં રૂપિયા પાંચ હજારનું દાન આપીને સ્વ. શેઠ શ્રી રતિલાલ વિઠ્ઠલદાસ ગોસળિયાએ શરૂ કરેલ કાયમી નાસ્તા ફંડમાં અત્યારે રૂ.૨૫,૧૧૨/- જેટલી રકમ જમા થયેલ છે. આ કાયમી ફંડના વ્યાજની રકમ બાલમંદિરનાં બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં વપરાય છે. ઓછામાં ઓછા રૂપિયા નું દાન દેનાર દાતા તરફથી વર્ષમાં એક વખત તેઓની ઈચ્છા મુજબના દિવસે બાળકોને નાસ્તો અપાય છે.

માસમાં શનિવારે ખરી કમાઈનો કાર્યક્રમ થયો હતો. વર્ષમાં એક વખત સ્કાઉટિંગની ઉપયોગી તાલીમ તરીકે 'ખરી કમાઈ'નું આયોજન થાય છે. તેમાં દરેક સ્કાઉટ અને ગાઈડ જાત મહેનત કરીને કંઈક કમાય છે અને તેનો સદુપયોગ સારા કામમાં કરે છે. જાત મહેનતનથી કમાવું અને તેનો સદુપયોગ કરવો એ જીવનની ઘણી ઉપયોગી તાલીમ છે.

**બે બાળ નાટકો :** બુધસભાના ઉપક્રમે શિશુવિહારની રંગભૂમિ ઉપર બે સુંદર બાળ નાટકો ભજવાયા. સ્વ. યશવંત પંડયાએ લખેલ 'ઘરદીવડી' અને 'સાકરનો શોધનાર' આ બંને નાટકોનું દિગદર્શન ચિલ્ડ્રન્સ થીએટર રાજકોટના સંચાલક શ્રી અમુલખ ભટ્ટે કર્યુ હતું. તેમાં ૭ થી ૧૪ વર્ષનાં બાળકોએ ભાગ લીધો હતો. માત્ર બે જ અઠવાડિયાની તૈયારીમાં બાળકોએ સ્વ. તારાબહેન મોડકની જન્મ શતાબ્દી વર્ષમાં આવા સુંદર બાળ નાટકો ભજવ્યા તેથી સોનામાં સુગંધ ભળી.

બુધસભાના ઉપક્રમે નાટયકાર અને કવિ સ્વ. પરમાણંદભાઈ ત્રાપજકરના દેહાવસાનનું દુઃખ વ્યકત કરવા પ્રાધ્યાપક શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદીના પ્રમુખ સ્થાને શોકસભા થઈ હતી. જુદા જુદા વકતાઓએ સ્વર્ગસ્થની સાહિત્યસેવા તથા તેઓના આગવા વ્યકિતત્વના સંસ્મરણો રજૂ કર્યા હતા.

ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના અપ્રતિમ શિષ્ય અને માનવ સેવાના ભેખધારી સંત સ્વામી યાજ્ઞવલ્કયાનંદજી સરસ્વતી (ડો. શિવાનંદ અધ્વર્યુજી) ને તેમની ૮૬મી શુભ જયંતિ પ્રસંગે દિવ્ય જીવન સંઘ ભાવનગર પરિવાર તથા શિશુવિહાર પરિવાર કોટિ કોટિ વંદન પાઠવે છે. એક વિદ્યાર્થીને પત્રઃ ગાંધીજીએ એક વિદ્યાર્થીને પોતાનું જીવન કેમ ઘડવું એ વિષે સુંદર સૂચનો લખી મોકલ્યાં હતાં. "ચિ. કમલ, થોડું બોલજે, બધાનું સાંભળજે, ખરું હોય તે કરજે, પ્રત્યેક મિનિટનો હિસાબ રાખજે અને જે તે ક્ષણનું કામ તે ક્ષણે જ કરજે."



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA